ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગુજરાત કિસાન સભા દ્વારા સંતરામપુર પ્રાંત અધિકારીને આવેદનપત્ર સુપરત કરાયું

મહીસાગરને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માંગ સાથે ખેડૂતોની વિશાળ રેલી નિકળી

૧૫ દિવસમાં ઉકેલ નહીં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૨૬

મહીસાગર જિલ્લામાં અનિયમિત વરસાદ અને અછતની પરિસ્થિતિના કારણે ખેતીના પાકોને વ્યાપક નુકસાન પહોંચતાં ગુજરાત કિસાન સભાના નેજા હેઠળ સંતરામપુર ખાતે ખેડૂતોએ વિશાળ રેલી યોજી હતી. ખેડૂતોએ સંતરામપુર પ્રાંત અધિકારી મારફતે મુખ્યમંત્રીશ્રીને આવેદનપત્ર પાઠવીને મહીસાગર જિલ્લાને તુરંત દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા તથા રાહતનાં પગલાં ભરવા પ્રબળ માંગ કરી છે.

આ રેલીની શરૂઆત સંતરામપુર બસ સ્ટેશન ડેપો પાસે આવેલી ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને ફૂલહાર અર્પણ કરીને કરવામાં આવી હતી. બાદમાં કોલેજ રોડ થઈને પ્રાંત કચેરી સુધી યોજાયેલી આ રેલીમાં તાલુકાના વિવિધ ગામોમાંથી મોટી સંખ્યામાં ખેડૂતો જોડાયા હતા. આ વેળાએ ખેડૂતોએ 'પાણી આપો, દુષ્કાળગ્રસ્ત જાહેર કરો' જેવા સૂત્રોચ્ચારથી પરિસર ગજવી મૂક્યું હતું.

અલનીનોની અસર અને વરસાદની ખેંચના લીધે જિલ્લામાં ડાંગર, મકાઈ, સોયાબીન, શાકભાજી તથા ઘાસચારાના

પાકો નિષ્ફળ ગયા છે. સિંચાઈની અપૂરતી સુવિધાઓને કારણે ખરીફ પાકનું ઉત્પાદન ઘટવાની અને ખેતમજૂરો તથા શ્રમિકોની રોજગારી છીનવાઈ જવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે.

આ આવેદનપત્રમાં ખેડૂતોએ મહીસાગર જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવો, નિષ્ફળ ગયેલા ખરીફ પાક માટે મુખ્યમંત્રી કિસાન સહાય યોજના હેઠળ પ્રતિ હેક્ટર રૂ. ૨૫ હજારની સહાય આપવી, પશુધન માટે ઘાસચારાના ડેપો શરૂ કરવા તથા પીવાના પાણીની કાયમી વ્યવસ્થા કરવી, ખેડૂતો અને ખેતમજૂરોના દેવા માફ કરવા, જંગલની જમીન પર ખેતી કરતા કબજેદારોને જમીનના પટ્ટા આપવા, 'સૌની યોજના' હેઠળ જિલ્લાના તમામ તળાવો પાણીથી ભરવા માગણી કરી હતી. જો આગામી ૧૫ દિવસમાં ખેડૂતોની માંગણીઓ અંગે કોઈ હકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે, તો સમગ્ર જિલ્લામાં ખેડૂતો દ્વારા ઉગ્ર આંદોલન છેડવામાં આવશે તેવી સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે.

અનુકૂળ સમયપત્રકના અભાવે ટ્રેન ખાલી દોડતી હોવાની ફરિયાદ

કઠાણા ટ્રેનની મંથર ગતિથી મુસાફરોનો સમય વેડફાતાં રોષ

નોકરીયાતોને ખાનગી વાહનોમાં ત્રણ ગણું ભાડું ચૂકવવાની નોબત

(પ્રતિનિધિ) આણંદ તા ૨૬

કોરોના કાળ દરમિયાન બંધ કરવામાં આવેલી વડોદરા-કઠાણા ટ્રેનને પુનઃ શરૂ કરવા માટે સ્થાનિક મુસાફરો, સામાજિક કાર્યકરો અને યુવાનોએ લાંબી લડત આપી હતી. ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ આ ટ્રેન ફરી શરૂ થતાં ખંભાત, બોરસદ અને આંકલાવ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના નોકરીયાતો અને દૈનિક મુસાફરોમાં આશા જાગી હતી. જોકે, હાલ ટ્રેનની મંથર ગતિ અને અનુકૂળ સમયપત્રકના અભાવે મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પરિણામે ટ્રેનનો પૂરતો ઉપયોગ થતો ન હોવાની અને તે મોટાભાગે ખાલી દોડતી હોવાની ફરિયાદો ઊઠી છે.

કાંઠાગાળા પંથકના રેલવે સ્ટેશનો કોરોના કાળમાં ટ્રેન બંધ થતાં મૃતઃપ્રાય સ્થિતિમાં ફેરવાઈ ગયાં હતાં. અગાઉ આ ટ્રેન સેંકડો મુસાફરો માટે આશીર્વાદરૂપ હતી. ટ્રેન બંધ થતાં મુસાફરોને ગંભીરા માર્ગે ખાનગી વાહનોમાં વડોદરા અવરજવર કરવાની ફરજ પડી હતી. ત્યારબાદ સ્થાનિક સ્તરે ઉગ્ર રજૂઆતો અને આંદોલનોને પગલે ટ્રેન પુનઃ શરૂ કરવામાં આવી હતી. પરંતુ હાલની વ્યવસ્થાને કારણે મુસાફરોની અપેક્ષાઓ અધૂરી રહી છે.

ખંભાત, બોરસદ અને આંકલાવ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં યુવાનો નંદેસરી, વાસદ અને વડોદરાની વિવિધ ખાનગી કંપનીઓમાં નોકરી કરવા જાય છે. દરરોજ બે હજારથી વધુ નોકરીયાતો આ માર્ગે અવરજવર કરતા હોવાનો અંદાજ છે. ટ્રેન શરૂ થતાં માત્ર રૂ. ૨૦માં અવરજવર કરવાની સુવિધા મળવાની આશાએ નોકરીયાતોમાં ખુશી વ્યાપી હતી. જોકે, ટ્રેનની ધીમી ગતિ અને રસ્તામાં વારંવાર રોકાણને કારણે વડોદરા પહોંચતાં આશરે ત્રણ કલાક જેટલો સમય વેડફાતો હોવાની ફરિયાદ છે.

સમયસર નોકરીના સ્થળે પહોંચી ન શકવાના ભયથી અનેક નોકરીયાતો ટ્રેનને બદલે ખાનગી વાહનોનો સહારો લેવા મજબૂર બન્યા છે.

તુલસી ગરનાળા પાસે રેલિંગના અભાવે અકસ્માત

આણંદમાં કાંસમાં રિક્ષા ખાબકી: ચાર ઘવાયાં

તંત્રની બેદરકારી સામે સ્થાનિકોમાં ભારે રોષ ભડક્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૨૬

આણંદ શહેરના તુલસી ગરનાળાથી ગામડી તરફ જતા મુખ્ય રોડ પર આજે સવારે સુરક્ષા રેલિંગના અભાવે મુસાફરો ભરેલી એક રિક્ષા ઊંડા કાંસમાં ખાબકતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં રિક્ષાચાલક અને એક યુવતી સહિત કુલ ૪ મુસાફરોને ઈજાઓ પહોંચતાં તેઓને તુરંત સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. તંત્રની બેદરકારીના કારણે સર્જાયેલા આ અકસ્માતને પગલે સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે.

ગામડી તરફથી મુસાફરોને લઈને સવારે આશરે ૯:૦૦ વાગ્યાના સુમારે તુલસી ગરનાળા તરફ આવી રહેલી રિક્ષા સામે અચાનક એક ટ્રેક્ટર આવી પહોંચ્યું હતું. સામસામે વાહનો આવી જતાં રિક્ષાચાલકે અકસ્માત ટાળવા પોતાની રિક્ષા કાંસ તરફ દબાવી હતી. પરંતુ સાંકડો રસ્તો હોવાથી સ્ટીયરિંગ પરનું સંતુલન ગુમાવતાં રિક્ષા સીધી જ ઊંડા કાંસમાં ખાબકી હતી.

આ અકસ્માત થતાં જ આસપાસથી પસાર થતા વાહનચાલકો અને સ્થાનિક રહીશો તુરંત મદદ માટે દોડી આવ્યા હતા અને ભારે જહમત બાદ રિક્ષામાં ફસાયેલા ચારેય મુસાફરોને સલામત રીતે બહાર કાઢ્યા હતા. સદનસીબે રિક્ષા પાણીમાં પલટી મારી ન જતાં મોટી જાનહાનિ ટળી હતી.આ અકસ્માતથી રોષ ફેલાયો હતો.

રઢુ ગામ પાસે વારંવારના અકસ્માતોથી રોષે ભરાયેલા ગ્રામજનો રસ્તા પર ઉતરતા ટ્રાફિક જામ થયો

ખેડા-ધોળકા હાઈવે પર અકસ્માત રોકવા બમ્પની માગ સાથે ધરણાં

તંત્ર દ્વારા ૭ દિવસમાં કામગીરીની લેખિત ખાતરી બાદ આંદોલન સમેટાયું

(પ્રતિનિધિ) ખેડા તા.૨૬

ખેડા-ધોળકા હાઈવે પર આવેલા રઢુ ગામ પાસે વારંવાર સર્જાતા અકસ્માતો નિવારવા માટે સ્પીડ બ્રેકર (બમ્પ) મૂકવાની માગણી પૂરી ન થતાં ગ્રામજનોએ રોડ પર બેસીને ધરણાં પ્રદર્શન કર્યું હતું. આ મામલે ખેડા ટાઉન પોલીસ અને રોડ એન્ડ બિલ્ડિંગ્સ (R|B) વિભાગના અધિકારીઓએ સ્થળ પર પહોંચી આગામી ૭ દિવસમાં રોડ સેફ્ટીની કામગીરી કરવાની લેખિત ખાતરી આપતાં

ગ્રામજનોએ આંદોલન મોકૂફ રાખ્યું હતું.

ખેડા તાલુકાનું અંદાજે ૨૦ હજારની વસતી ધરાવતું સૌથી મોટું ગામ રઢુ હાઈવે ટચ આવેલું છે, જ્યાંથી સૌરાષ્ટ્રને જોડતો માર્ગ પસાર થાય છે. ગામમાં આવેલા ઐતિહાસિક કામનાથ મહાદેવ મંદિરના શ્રદ્ધાળુઓ, વિદ્યાર્થીઓ અને નોકરીયાતોની સતત અવરજવર રહેતી હોવાથી વારંવાર અકસ્માતોની ઘટનાઓ બને છે. આ અંગે ગામના સરપંચ, અગ્રણી પ્રવીણભાઈ અને સ્થાનિક મયુરભાઈ સોલંકી દ્વારા તંત્ર તથા 'તાલુકા સ્વાગત' કાર્યક્રમમાં રજૂઆતો કરવા છતાં કોઈ પરિણામ આવ્યું નહોતું.

આ રજૂઆતો નિષ્ફળ જતાં મયુરભાઈ સોલંકીએ સોશિયલ મીડિયા પર જાહેરાત કરી સોમવારે સવારથી એકલા રોડ પર બેસીને ધરણાં શરૂ કર્યા હતા. ધીરે-ધીરે સ્થાનિક ગ્રામજનો પણ જોડાતાં હાઈવે પર ટ્રાફિક જામ થઈ ગયો હતો. જાણ થતાં જ ખેડા ટાઉન પોલીસે આવી ટ્રાફિક ખુલ્લો કરાવ્યો હતો અને માર્ગ અને મકાન વિભાગ સાથે સંકલન કર્યું હતું. માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓએ સ્થળ પર આવી વાતચીત બાદ ૭ દિવસમાં રોડ સેફ્ટીની કામગીરીની લેખિત ખાતરી આપતા ધરણાં સમેટી લીધાં હતાં.

લાયસન્સ વગર ફટાકડા વેચતો શખ્સ પકડાયો

મેતપુર રોડ પર 'રૂપિ ફટાકડા સેન્ટર'માં પોલીસનો દરોડો

(પ્રતિનિધિ) ખંભાત તા.૨૬

ખંભાત શહેરના મેતપુર રોડ સ્થિત ગોપાલ સર્કલ પાસે લાયસન્સ વગર અને કલેક્ટરના જાહેરનામાના ભંગ સાથે ગેરકાયદેસર રીતે ફટાકડાનું વેચાણ કરતા એક શખ્સ સામે ખંભાત સીટી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ ચેતનભાઈ મગનભાઈની ફરિયાદના આધારે પોલીસે પંકજભાઈ કનુભાઈ રાણા સામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNS) ની કલમ ૨૨૩ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ખંભાત સીટી પોલીસની ટીમે ૨૫મીના રોજ બપોરે મેતપુર રોડ, ગોપાલ સર્કલ પાસે આવેલી 'રૂપિ ફટાકડા સેન્ટર' નામની દુકાનમાં તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન દુકાનદાર પંકજભાઈ કનુભાઈ રાણા (ઉ.વ. ૩૭, રહે. શેજપુરી, તા. ખંભાત, જી. આણંદ) પાસે ફટાકડા વેચવા માટેનું જરૂરી લાયસન્સ મળી આવ્યું નહોતું. આથી, જાહેર સ્થળે ફટાકડાની લુમોના પેકેટ તેમજ નાના-મોટા ફટાકડાનું વેચાણ કરતો મળી આવ્યો હતો. આથી પોલીસે સ્થળ પર પંચનામું કરી આગળની કાયદેસરની તપાસ હેડ કોન્સ્ટેબલ પ્રવિણભાઈ રાઠોડને સોંપી છે.

આણંદ જિલ્લામાં દિવાળીના દિવસો નજીક આવતા જાય છે, તેમ ફટાકડાની હાટડીઓ એક પછી એક ખુલવા લાગી છે. જોકે, તેમાં મોટા ભાગની કાયદેસરની મંજુરી વગરની હોવાથી અકસ્માતનો ભય રહે છે. આ અંગે આ વખતે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે.

આંકલાવ પંથકમાં વીજ કંપનીના દરોડા, ૨૨ વીજચોરો ઝડપાયાં

ઓચિંતી તપાસમાં ૬,૭૧૩ યુનિટની વીજચોરી ઝડપાઇ

વીજ તંત્રએ ૩.૧.૮૪ લાખથી વધુનો દંડ ફટકાર્યો

(પ્રતિનિધિ) આણંદ તા ૨૬

આણંદ જિલ્લામાં વીજચોરીની પ્રવૃત્તિઓને અટકાવવા માટે વીજ કંપનીની વિઝિલન્સ ટીમો દ્વારા તપાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે આસોદર અને આંકલાવ પંથકમાં વીજ કંપનીની ટીમોએ આકસ્મિક દરોડા પાડીને વીજચોરી કરતા ૨૨ ગ્રાહકોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. વીજ તંત્રની આ કાર્યવાહીથી વીજચોરી કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વીજ કંપનીની વિઝિલન્સ ટીમોએ આસોદર અને આંકલાવ પંથકમાં વીજચોરીની શંકાના આધારે વિવિધ સ્થળોએ તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન વીજળીનો ગેરકાયદેસર ઉપયોગ કરતા ૨૨ ગ્રાહકો મળી આવતાં વીજ કંપનીના અધિકારીઓએ સ્થળ પર તપાસની કાર્યવાહી કરી હતી. ત્યારબાદ સંબંધિત વીજ મીટરોને વધુ તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા.

લેબોરેટરીમાં વીજ મીટરોની ચકાસણી કરવામાં આવતાં કુલ ૬,૭૧૩ યુનિટની વીજચોરી થઈ હોવાનું બહાર આવ્યું હતું. આ વીજચોરીના આધારે વીજ કંપનીના તંત્ર દ્વારા સંબંધિત તમામ ગ્રાહકોને કુલ રૂ. ૧.૮૪ લાખથી વધુનો દંડ ફટકારવામાં આવ્યો છે.

વીજચોરીના આ મામલે વીજ કંપની દ્વારા પકડાયેલા તમામ ૨૨ ગ્રાહકો સામે વીજળી અધિનિયમની વિવિધ કલમો હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વીજ કંપનીની વિઝિલન્સ ટીમો દ્વારા કરવામાં આવેલી આકસ્મિક તપાસને પગલે વીજચોરી કરનારાઓમાં ફફડાટ વ્યાપ્યો છે.

વીજ કંપની દ્વારા વીજચોરી અટકાવવા માટે હાથ ધરવામાં આવતી આવી તપાસને કારણે વીજળીનો ગેરકાયદેસર ઉપયોગ કરનારાઓ સામે કાર્યવાહી થતાં ફફડાટ ફેલાયો છે. આગામી દિવસોમાં પણ આવી તપાસ ચાલુ રહેવાની શક્યતા વચ્ચે વીજચોરી કરનારાઓમાં ચિંતા જોવા મળી રહી છે.

પોલીસને ૧૫ વર્ષ ચકમો આપવામાં સફળ રહ્યો

જમીન કૌભાંડ આચરી ભાગી ગયેલો ગઠિયો અંતે પકડાયો

દીકરીના ઘરે આવતાં પોલીસે વોચ ગોઠવી પકડી પાડ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૨૬

ખંભોળજ પોલીસ મથકે વર્ષ ૨૦૧૧માં નોંધાયેલા જમીનના ખોટા દસ્તાવેજો બનાવી છેતરપિંડી આચરવાના ગુનામાં છેલ્લાં ૧૫ વર્ષથી નાસતા ફરતા ભાગેડું આરોપીને આણંદ પેરોલ ફર્લો સ્કવોડે ઝડપી પાડીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આણંદ પેરોલ ફર્લો સ્કવોડને ચોક્કસ ગુપ્ત બાતમી મળી હતી કે, ખંભોળજ પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૧માં નોંધાયેલા જમીનના ખોટા દસ્તાવેજ બનાવી, નામ-હક્કો કમી કરાવી અને તે ખોટા દસ્તાવેજનો સાચા તરીકે ઉપયોગ કરી ફરિયાદી સાથે છેતરપિંડી આચરવાના ગુનાનો ફરાર આરોપી વીપીનકુમાર ઉર્ફે બીપીનકુમાર ચુનીભાઈ પટેલ પોતાની દીકરીના ઘરે આવનાર છે.

આથી, બાકરોલ-વડતાલ રોડ પર આવેલી સાંઈ સર્જન સોસાયટી ખાતે આવવાનો હોવાની ચોક્કસ બાતમીના આધારે પેરોલ ફર્લો સ્કવોડની ટીમે સોસાયટી નજીક વોચ ગોઠવી હતી. પોલીસે સફળતાપૂર્વક વોચ ગોઠવીને ૧૫ વર્ષથી ફરાર આરોપી વીપીનકુમાર પટેલને ઝડપી પાડ્યો હતો.

આ પકડાયેલા આરોપી વિરુદ્ધ કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરી તેને વધુ તપાસ અર્થે ખંભોળજ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. પોલીસને દોઢ દાયકા સુધી ચકમો આપનારો અંતે પકડાયો હતો.

આણંદમાં બાકી વેરા વસુલાત અર્થે વધુ દસ દુકાનો સીલ કરી

મોતીકાકાની ચાલી પાસે ૨.૫૮ લાખથી વધુનો વેરો બાકી બોલતા આકરા પગલાં

(પ્રતિનિધિ) આણંદ તા.૨૬

કરમસદ - આણંદ મનપાની રિકવરી ટીમ દ્વારા બાકી વેરાની વસુલાત અર્થે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશ હેઠળ આણંદ પોસ્ટ ઓફિસ નજીક આવેલી વસુલાત માટે પ્રોપર્ટી માલિકોને અગાઉ લેખિત નોટિસ અને વારંવાર સૂચનાઓ આપવામાં આવી હતી. તેમ છતાં રકમ જમા ન કરાવતાં આખરે પ્રોપર્ટી સીલ કરવાની ફરજ પડી છે.

કરમસદ - આણંદ મનપા દ્વારા વિસ્તારના નાગરિકોને પોતાની પ્રોપર્ટીનો બાકી વેરો તાત્કાલિક ભરી દેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

આણંદ મનપા દ્વારા બાકી વેરો ન ભરનારાઓ સામે સીલિંગની કાર્યવાહી અને રિકવરી અંગેની ઝુંબેશ આગામી સમયમાં પણ ચાલુ રહેશે.

નડિયાદમાં કોંગ્રેસનું 'વોટ બચાવો દેશ બચાવો' અભિયાન યોજાશે

પૂર્વ મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણની વિશિષ્ટ ઉપસ્થિતિમાં કારોબારી બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૬

નડિયાદ ખાતે કોંગ્રેસના રાષ્ટ્રવ્યાપી 'વોટ બચાવો દેશ બચાવો' અભિયાનના ભાગરૂપે મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણની વિશેષ ઉપસ્થિતિમાં મહત્વપૂર્ણ કાર્યક્રમ અને કારોબારી બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે લોકશાહીના રક્ષણ અને નાગરિકોના મતાધિકારના મહત્ત્વ અંગે ખેડા જિલ્લા કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોને સઘન માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

નડિયાદ સ્થિત જિલ્લા સર્કિટ હાઉસ ખાતે મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણે જણાવ્યું હતું કે, લોકશાહી મૂલ્યોને બચાવવા અને નાગરિકોમાં મતાધિકાર પ્રત્યે જાગૃતિ લાવવી સમયની માગ છે. ખેડા જિલ્લા કોંગ્રેસ સમિતિ ખાતે યોજાયેલી વિસ્તૃત કારોબારી બેઠકમાં તેમણે કાર્યકર્તાઓ સાથે સીધો સંવાદ કર્યો હતો. તેમણે હાકલ કરી હતી કે આ અભિયાન માત્ર શહેરી વિસ્તારો સુધી સીમિત ન રહેતા ગ્રામ્ય સ્તર સુધી પહોંચવું જોઈએ અને તે માટે સંગઠનાત્મક માળખાને વધુ સક્રિય કરવું જરૂરી છે.

આ કારોબારી બેઠકમાં ખેડા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મહેન્દ્રસિંહ રાણા, વરિષ્ઠ આગેવાનો અને પૂર્વ ધારાસભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉપરાંત તાલુકા અને શહેર કોંગ્રેસ પ્રમુખો, પંચાયત અને નગરપાલિકાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમજ મંડળ અને સેક્ટર પ્રમુખોએ હાજરી આપી અભિયાનને બૂથ લેવલ સુધી સફળ બનાવવાની કટિબદ્ધતા દર્શાવી હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ	ઈશાન ન્યુઝ પેપર એજન્સી
કિશોર પ્લાઝા,	સાગર ભુવન, ડભાણ
આણંદ.	ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225